## 'હાર્દીક અભીનંદન'

**'સન્ડે ઈ-મહેફીલ'** માટે વીદેશ સ્થીત સર્જકોની કૃતીઓનું વહાલથી સંપાદન કરી આપનાર, ન્યુ જર્સી-**અમેરીકા**ના આપણા સહ-સંપાદક **શ્રી. હરનીશભાઈ જાની**ને, **'ગુજરાતી સાહીત્ય અકાદમી, ગાંધીનગર'** તરફથી, સને ૨૦૦૩માં પ્રકાશીત થયેલાં, **'વ્યંગ-કટાક્ષ-હાસ્ય'** વીભાગનાં પુસ્તકો પૈકી, એમના વાર્તાસંગ્રહ **'સુધન'**ને દ્વીતીય ક્રમનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. આમ, 'સુધન' પુસ્તક, ગુજરાતી સાહીત્યનું **'સુ-ધન'** છે એવી આપણી પ્રતીતીને સચ્ચાઈની મહોર વાગી છે.

'સ.મ.'ના સંપાદકો તથા સમગ્ર વાચક-ગણ તરફથી એમને હાર્દીક મુબારકબાદી અને તેમની કલમ હજી આવી જ, હાસ્ય-ધોધમાં તરબોળ કરનારી સમૃદ્ધ કૃતીઓ સર્જતી રહે તેવી શુભેચ્છાઓ...
--**રતીલાલ ચંદરયા** (લંડન), **બળવંત પટેલ** (ગાંધીનગર) **અને ઉત્તમ ગજ્જર** (સુરત) **સંપાદકો, 'સ.મ.'**

●

આ આનંદના સમાચાર સાથે મોડે મોડે પણ અમારી એક ક્ષતી આ ટાણે સુધારી લેતાં અમે આનંદ અનુભવીએ છીએ. **'સન્ડે ઈ-મહેફીલ'**ના અમારા સાથી સંપાદક **શ્રી. બળવંતભાઈ પટેલ**ને પણ સને ૨૦૦૫માં, એમના પુસ્તક **'ફર-અફર'**ને, **'ગુજરાતી સાહીત્ય પરીષદ, અમદાવાદ'** તરફથી **'વ્યાકરણ'** વીભાગ માટેનું **'પં. બેચરદાસ દોશી'** પારીતોષીક પ્રાપ્ત થયું છે. શ્રી. બળવંતભાઈને આપણા સૌના હાર્દીક અભીનંદન અને આ સમાચાર આપ સૌને વહેંચવામાં અમે મોડા પડ્યા તેની ક્ષમા.     --**રતીલાલ ચંદરયા અને ઉત્તમ ગજ્જર**

◆●◆

# ઝંખે છે સાથ ભવોભવનો

--**સુરેશ પ્રજાપતી**

**૧.** ◆પાન : ૧૨◆

એક વ્યક્તી તેના લગ્નજીવનથી કંટાળીને છુટાછેડાના આરે આવીને ઉભી હતી. આ માટે તે પ્રખ્યાત લેખક સ્ટીફન કોવે પાસેથી માર્ગદર્શન માટે આવી. સ્ટીફન તેને પ્રશ્ન કરે છે, 'તમારે સંતાનો છે?' પેલી વ્યક્તીએ હા પાડી. સ્ટીફન બીજો પ્રશ્ન કરે છે, 'તમારે છુટાછેડા લેવા હોય તો મને એ કહો કે તમે સંતાનો કેવી રીતે પેદાં કર્યાં ?' પેલી વ્યક્તી સ્ટીફનના આ પ્રશ્નથી ડઘાઈ જાય છે. સ્ટીફન તેને આગળ સમજાવે છે કે, 'ભલા માણસ, તમને તમારા જીવન સાથીની શારીરીક ભીન્નતા જો ગમતી હોય તો તેવી જ રીતે માનસીક ભીન્નતા કેમ ગમાડતા નથી? આ ભીન્નતાને કારણે તો તમે લગ્ન કર્યાં છે!'

**૨.** ◆પાન :૧૬◆

કોલકાતાની અમારી એક વર્કશૉપમાં એક બહેને તેમના જીવનનો યાદગાર પ્રસંગ વર્ણવ્યો હતો. તેમના રીવાજ પ્રમાણે પ્રથમ બાળકના જન્મ સમયે સાસરી પક્ષના લોકો દવાખાને આવીને બાળકને લઈને નીકળે છે. આ બહેનને એ વખતે એવું લાગે છે કે બધાને બાળકથી મતલબ છે; પણ મારી કોઈને પડી નથી. પરંતુ તેઓ જવા માટે જેવાં ઉભાં થયાં કે તેમનો પતી તેમનો હાથ પકડી લે છે. તેમને તરત જ અહેસાસ થયો કે મારા પતીને માત્ર સંતાનમાં જ નહીં; પણ મારામાં પણ એટલો જ રસ છે. આવો નાનકડો પ્રસંગ કોઈ વ્યક્તીના જીવનનો યાદગાર પ્રસંગ પણ બની શકે તેટલી હદે સુક્ષ્મ લાગણીઓ આપણા જીવનમાં અસર કરતી હોય છે.

**૩.** ◆પાન :૧૭◆

અમદાવાદમાં ભુકંપ દરમીયાન આવો જ એક કીસ્સો બન્યો હતો. ભુકંપ પછી નાના નાના આફ્ટર શૉકમાં વચ્ચે ક્યારેક મોટા આંચકા આવતા હતા. એક વાર આવો જ એક મોટો આંચકો

આવતાં, ચાંદલોડીયા વીસ્તારના એક ભાઈ તેમનાં પત્ની અને સંતાનોને ઘરમાં મુકીને પોતે પોતાનો જાન બચાવવા કુદીને તરત જ ઘરની બહાર નીકળી ગયા. થોડા સમય બાદ તેમની પત્ની તેમનાં બન્ને સંતાનોને લઈને બહાર નીકળ્યાં. બહાર નીકળ્યા બાદ તેમના પતીને મેદાનમાં ઉભેલા જોઈને આ સ્ત્રીએ કેવી લાગણી અનુભવી હશે?

૪. ◆પાન :૩૦◆

અમારી દીલ્હીની એક વર્કશૉપમાં એક બહેને તેમનો અનુભવ વર્ણવેલો. તેમની એક જન્મતારીખે સવારે તેમના પતીએ અભીનંદન આપ્યા નહીં. એટલું જ નહીં પણ કશું બોલ્યા વગર વહેલી શીફ્ટ હોવાથી સવારે ઑફીસે જતા રહ્યા. વીશેષ દુખ એ બાબતનું હતું કે તેમના પતી તેમના પહેલાં ઉઠીને પોતાની ચા સ્વયં બનાવી-પીને નીકળી ગયા હતા અને તે પણ પોતાના જીવનસાથીને જન્મદીનની શુભેચ્છા પાઠવ્યા વગર !

આ બહેન પણ ભગ્ન હૈયે પોતાના રોજીંદાં કામે લાગ્યાં. તેમણે જ્યારે પોતાના માટે ચા બનાવવા ખાંડનો ડબ્બો ખોલ્યો તો તેમાંથી એક ચીઠ્ઠી નીકળી. જોયું તો તેમાં તેમની જન્મદીનની શુભેચ્છા લખી હતી. ત્યારબાદ ચાનો ડબ્બો ખોલ્યો તેમાં પણ આવી કાપલી મળી. ત્યાર બાદ બપોર સુધી તો કપડાં ધોવાના પાવડરમાં, બાથરુમમાં, લોટના ડબ્બામાં, ચોખામાં, દાળમાં તમામ જગ્યાએ આવી શુભેચ્છા દર્શાવતી કાપલીઓ મળી આવી. તેને પોતાની જાત ઉપર થોડી વાર માટે ક્ષોભ થયો કે પોતાના પતી વીશે કેવી ખોટી ધારણા બાંધી ! સાંજે જ્યારે તેમના પતી ઑફીસેથી પરત આવ્યા હશે ત્યાર પછીની તેમની પરીસ્થીતીની તમે કલ્પના કરી શકો છો ?

૫. ◆પાન :૩૩◆

ટાટા કંપનીના કામદાર માટેની વર્કશૉપમાં એક ભાઈએ પોતાના જીવનનો પ્રસંગ વર્ણવ્યો હતો. તેમનાં સાસુ -સસરા ગરીબ પરીસ્થીતીમાં હતાં. બે સાળા હતા જે માત્ર પોતાનું જ ગુજરાન માંડ માંડ ચલાવતા હતા. આ પરીસ્થીતીમાં દર મહીને, તેઓ ૭૦-૮૦ કી.મી. દુર રહેતાં તેમનાં સાસુ-સસરાને એકલા જઈને પોતાની આવકમાંથી નાણાંકીય મદદ પુરી પાડતા. જે પરુષે પોતાનાં સાસુ-સસરાની આટલી કાળજી રાખી હોય તેણે પોતાની પત્નીને એવું કહેવાની જરુર પડે ખરી કે તું પણ તારાં સાસુ-સસરાને પોતાનાં મા-બાપની જેમ અપનાવજે ?

૬. ◆પાન :૩૮◆

મારા તાલીમના વ્યવસાયમાં કોઈને આપેલો સમય ખુબ અગત્યનો હોય છે. એકવાર સમય આપ્યા પછી લોકોની વ્યવસ્થા તથા આયોજનને મુલતવી રાખવું બંને પક્ષે વધારે પીડાદાયક હોય છે. એક વખત મારી પત્ની અલકાની તબીયત, બાળકોનું વેકેશન અને ધરમપુરમાં આદીવાસી બહેનોની મારી નેતૃત્વ તાલીમ, આ ત્રણેયમાં અમારે શ્રેષ્ઠ વીકલ્પ શોધવાનો હતો.

તે દીવસે મોડી રાત્રે અમે બધાં સાથે મળીને તાદાત્મ્યપુર્ણ સંવાદ કરીને વીકલ્પો શોધવા મથતાં હતાં. મારે તારીખ બદલવી, બાળકો અને મારી પત્નીએ પીયર જવું કે પછી બીજા કયા રસ્તાઓ છે? ચર્ચા કરતાં કરતાં અમે એવા તારણ પર આવ્યાં કે જે વીશે અમે પહેલાં વીચાર્યું પણ નહોતું. અમે બધાંયે સાથે ધરમપુર જવાનું નક્કી કર્યું. ધરમપુરમાં બાળકોએ વીજ્ઞાનમેળો માણ્યો, મારી પત્નીને આરામ મળી ગયો અને મારી તાલીમની કામગીરી પણ નીશ્ચીંતતાથી પુરી થઈ.

એકબીજાને સમજવાની ભાવના અને તાદાત્મ્યપુર્ણ સંવાદો જ સહઅસ્તીત્વ અને સર્જન માટેની પહેલી શરત છે.

૭. ◆પાન :૪૮◆

એક ખુબ જ ધનાઢ્ય વ્યક્તીએ તેની કંપનીના કોઈ કેસમાં ચર્ચા કરવા વકીલને ઘરે બોલાવેલો, જેથી કોર્ટમાં તે બાબતે યોગ્ય દલીલો તૈયાર કરી શકાય. હવે પોતાની અગત્યની અન્ય મીટીંગમાં

જવાની ઉતાવળને કારણે તે ફાઈલ પોતાના ઘરે ભુલી જાય છે. સાફસફાઈ દરમીયાન તેની પત્નીનું ધ્યાન આ ફાઈલ ઉપર જાય છે અને કુતુહલવશ તે ફાઈલનાં પાનાં તે ફેરવે છે. તેમાં લખેલી દલીલો વાંચી તે વીચારમાં પડી જાય છે. તેને લાગે છે કે આ રીતે જો દલીલો થશે તો મારા પતી કેસમાં હારી જશે. આથી તે પોતાના પતીને ફોન કરી આ બાબતે જાણ કરે છે. તેનો પતી, વકીલને બીજી દલીલો તૈયાર કરવા પત્ની પાસે ઘરે મોકલે છે. તેની પત્નીનાં સુચનો પ્રમાણે દલીલો તૈયાર કરવામાં આવે છે અને આ કેસ તે જીતી જાય છે.

ત્યારબાદ તેનો પતી વીચારમાં પડી જાય છે કે તેની પત્નીની આટલી જાણકારી અને સમજ માત્ર ચાર દીવાલની અંદર જ રહી જાય એ બરાબર નથી. તે તેની પત્નીને સમય મળે ત્યારે ઑફીસે આવવાનું કહે છે. તે રોજ બાળકોને સ્કુલે મુકી થોડો સમય ઑફીસે જાય છે. ત્યાં કામદારો તથા સ્ટાફ સાથે ચર્ચા-વીચારણા કરી અને તેમના પ્રશ્નો સાંભળી હલ કરવાના પ્રયાસો કરે છે અને પરીણામે કંપનીની કાર્યક્ષમતા વધી જાય છે. આ જોઈ તેને આ કંપનીની એચ. આર. વીભાગની જવાબદારી સોંપવામાં આવે છે. ધીમે ધીમે કંપનીમાં તેની આવડત જોઈ અને તે પોતે બીજા નવા પ્રોજેક્ટમાં વ્યસ્ત થતાં આ કંપનીની સંપુર્ણ જવાબદારી તેને સોંપે છે.

તેની નવી કંપનીની જરુરીયાતના કામે એકવાર વીદેશમાં ગયેલા તેના પતી પાછા ફરતી વખતે વીમાન અકસ્માતમાં મૃત્યુ પામે છે. તેની પત્નીને અનુભવ હોવાથી તે આખી કંપનીની જવાબદારી સંભાળી શકે છે. કચરો સાફ કરતાં જો તેણે ફાઈલ ઉપર નજર ન ફેરવી હોત તો? તેના પતીએ પોતાની પત્નીમાં આવી ક્ષમતા જોઈ ન હોત તો?

૮. ◆પાન :૫૩◆

એકવાર આ ભાઈ જયારે ઑફીસથી ઘરે જઈ રહ્યા હતા ત્યારે તેમની નજર થીયેટર આગળ ઉભેલા યુવાનો ઉપર પડી. આ યુવાનોમાં તેમનો બારમા ધોરણમાં ભણતો દીકરો જોઈ તેઓ સ્તબ્ધ થઈ ગયા ! બીજી ક્ષણે તેમણે વીચાર્યું કે કદાચ તેની મમ્મીની રજા લઈને તે આવ્યો હશે. પરંતુ તેમનો આ ભ્રમ ઘરે જઈને તેમની પત્ની સાથે ખરાઈ કરતાં તુટ્યો. પોતાના દીકરાને જુઠું બોલી અને અભ્યાસના મહત્ત્વના સમયે જ્યારે થીયેટર પાસે જોયો ત્યારે તેમનું દીકરાને ડૉકટર બનાવવાનું સ્વપ્ન રોળાતું દેખાયું. શું કરવું અને શું કહેવું તેની મુંઝવણમાં પતી-પત્ની બન્ને કેટલોય સમય વીચારતાં રહ્યાં.

રાત્રે જમવાના સમયે જ્યારે ડાયનીંગ ટેબલ ઉપર માત્ર બે ડીશ પીરસાઈ ત્યારે દીકરો બોલ્યો, ‘કેમ બે ડીશ? પપ્પાને આજે ક્યાં ઉપવાસ છે?’ તેની મમ્મી બોલી, ‘બેટા, આજે આપણે બે જણે જ જમવાનું છે. તારા પપ્પાએ ઉપવાસ કરવાનું નક્કી કર્યું છે.’ દીકરાએ જ્યારે ઉપવાસ કરવાના કારણની હકીકત જાણી ત્યારે તે પણ ભાવવીભોર બન્યો. માની અશ્રુભીની આંખો ઘણું કહી ગઈ. આ ઘટનાએ જાણે તેની આંખો જ ખોલી નાખી. તેણે પીતાજીની માફી માગી અને આવી ભુલ ન કરવાનું વચન આપ્યું. ત્રણેયે સજળ આંખે ભોજન લીધું. ત્યારબાદ દીકરો એમ.બી.બી.એસ. થયો ત્યાં સુધી એકપણ વાર તેને ભણવા બાબતે ટકોર કરવી પડી નહોતી.

આજે તેમનો દીકરો ડૉકટર છે અને માનવસેવાની તંદુરસ્ત પ્રેકટીસ કરી રહ્યો છે.

--સુરેશ પ્રજાપતી

‘ઝંખે છે સાથ ભવોભવનો’ (લેખક-પ્રકાશક : સુરેશ પ્રજાપતી, આકાર પબ્લીકેશન, બી-૩૦૪, અક્ષત એવન્યુ, રેવતી ટાવર સામે, રામદેવ નગર-સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫- ફોન : ૦૭૯-૨૬૮૬ ૦૭૨૬)માંથી સાભાર...લેખક સંપર્ક ઉપરને સરનામે.. ઈ-મેઈલ : **aakar_group@yahoo.com** અને : **suresh_aakar@yahoo.com**



## લેખક પરીચય

સને ૧૯૭૧માં ગાંધીનગર જીલ્લાના હીંમતપુરા ગામમાં જન્મેલા અને ખેતીવીદ્યાની ઉચ્ચતર પદવી ધરાવતા આ યુવાનને જીવનની ખેતીમાં રસ પડ્યો અને માનવજીવનને હરીયાળું બનાવવાના ઉદ્યમમાં ઝંપલાવ્યું. સરકારી, બીનસરકારી અને ઔદ્યોગીક સંસ્થાઓમાં ટ્રેનીંગ કન્સલ્ટન્ટ તરીકેનું કામ તેમ જ વીકાસકાર્યનું સંશોધન, આલેખન અને દસ્તાવેજીકરણ પણ કરે છે. અત્યાર સુધીમાં નામાંકીત સંસ્થાઓના ઉપક્રમે ૪૦૦ જેટલાં માનવ સર્વાંગીણ ઉત્કર્ષના તાલીમ/વર્કશૉપ/સેમીનાર કરી ચુક્યા છે. સમાજનાં બાળકો માટે ચારીત્ર્યઘડતરની શીબીરો, પ્રસન્ન દામ્પત્યજીવન માટેના વર્કશૉપ તથા સફળ અને સંતુષ્ટ જીવન શૈલીના વીકાસ માટે હકારાત્મક અભીગમ, મનની અગાધ શક્તીઓ, સંબંધોની માવજત, યાદશક્તી, નેતૃત્વ, વ્યસનમુક્તી જેવા પરીસંવાદોનું સમગ્ર ગુજરાતમાં તેઓ આયોજન અને સંચાલન કરે છે.

સમાજમાં હકારાત્મક વાતાવરણ ઉભું થાય તે માટે ચારીત્ર્યઘડતરને લગતાં પુસ્તકોનાં પ્રકાશન-પ્રચાર-પ્રસાર કરી સામાજીક જવાબદારી અદા કરી રહ્યા છે. એમનાં ત્રણ પુસ્તકો સારો આવકાર પામ્યાં છે : ગ્રામોત્થાનના કાર્યકર્તાઓ માટેનું **'સંગઠન તાલીમ માર્ગદર્શીકા'**; પતી-પત્નીના આદર્શ સંબંધોને ઝંખતું **'ઝંખે છે સાથ ભવોભવનો'** અને બાળઉછેરના વીષયને અનોખી ઢબે ચર્ચતું એક પુસ્તક **'આપણે આપણાં બાળકોની નજરે'**..

એમના પુસ્તક **'ઝંખે છે સાથ ભવોભવનો'**માં એમણે ઉપરોક્ત જેવા પ્રસંગો ધ્યાનાકર્ષક બૉક્સમાં પાનેપાને આપ્યાં છે. તેમાંથી કેટલાક સાભાર...

--ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર) patel.balvant@gmail.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **116** -- **August 26, 2007**

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ :**sunras22266@gmail.com**

◆●◆

'એક તો અમે નમ્રપણે માનીએ છીએ કે આપણે ત્યાં માતા-પુત્રના પ્રેમ કે ભાઈ-બહેનના પ્રેમનું જેટલું ગૌરવગાન થયું છે તેટલું દામ્પત્યપ્રેમનું થયું નથી. અન્ય તમામ સંબંધોની એક મર્યાદા છે; પરંતુ કશાય આવરણ વગરનો પ્રેમ તો કેવળ પતી અને પત્ની વચ્ચે જ સંભવીત છે. બીજું, એક દંપતી તરીકે અમે એકબીજાના સાથમાં એટલું બધું મેળવ્યું છે કે... ત્રીજું, આજે લગ્નસંસ્થા પ્રત્યે પ્રહાર કરવામાં કેટલાક લબ્ધપ્રતીષ્ઠીત લેખકો પ્રગતીશીલતા ગણે; ત્યારે એક યુવાન આવું પુસ્તક લખવાનું સાહસ કરે છે. ચોથું, લગ્ન બાદ અમે એક-બીજાનું નામ પાછળ લગાડતાં થયાં તે જોઈને એક નાનકડો સંપ્રદાય પણ ઉભો થતો જાય છે, તેનો અમને આનંદ છે...'

આનંદથી જીવીએ............પ્રેમથી જીવીએ...........સમજણથી જીવીએ

--રાજુ-દીપ્તી, 'જીવનતીર્થ', જુના કોબા, **ગાંધીનગર**

લેખકના **'ઝંખે છે સાથ ભવોભવનો'** પુસ્તકને મળેલી 'રાજુ-દીપ્તી'ની પ્રસ્તાવનામાંથી સાભાર..

◆●◆

**શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી 4,20,000 જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત**

લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **6200** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ
http://gujaratilexicon.com/index.php?action=downloadSeM
પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

## ● મધુરેણ સમાપયેત્ ●




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
**web site** : www.ameamericanamdavadi.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **116** -- **August 26, 2007**
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ :**sunras22266@gmail.com**

◆●◆ ◆●◆ ◆●◆